**કલોલના એડીશનલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ**
**કલાસનીકોર્ટમાં,જિ.ગાંધીનગર.**

---

**ક્રિ.પ.અ.નં. ૨૬૦/૨૦૨૬**
**આંક – ૧૫**

**અરજદાર : કામ્બલે જગદીશ કુંડલીકભાઇ,**
રહેવાસી : ઈ–૩–૩૦૭, ફોર્ચ્યુન એમ્પાયર, પંચવટી,
બોરીસણા રોડ, તા.કલોલ, જી.ગાંધીનગર–૩૮૨૭૨૧.

વિરૂધ્ધ

**સામાવાળા : (૧) પ્રિન્સીપાલશ્રી,**
**વખારીયા પી. જે. હાઇસ્કુલ,**
ઠેકાણું : મુ.કલોલ, તા.કલોલ, જી.ગાંધીનગર.

**(૨) મે.જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી,**
ઠેકાણું : જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
સહયોગ સંકુલ, બીજો માળ, સેકટર–૧૧,
મુ.ગાંધીનગર.

---

**બાબત : ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રેગ્યુલેશન – ૧૯૭૪ ના પ્રકરણ ૬ વિનીમય નંબર : ૧૨ (એ) મુજબ.**

---

**અરજદાર તરફે વિ.વ.શ્રી : એસ.કે. પટેલ**
**સામાવાળા તરફે : – –––**

---

## –: <u>ચુકાદો</u> :–

૧. આ કામના અરજદારની હાલની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદારના શાળા છોડ્યાના પ્રમાણપત્રના કોલમ નં. ૨ માં અરજદારની

જાતી અને પેટા જ્ઞાતી **<u>HINDU MARATHI PATEL</u>** લખાયેલ છે. જે શરતચુક અને ભુલથી કાયદાકીય અજ્ઞાનતાના કારણે અરજદારની જાતિ અને પેટા ખોટી લખાયેલ છે, પરંતુ અરજદારની સાચી અને ખરી જ્ઞાતિ **<u>HINDU CHAMBHAR</u>** છે. જે મુજબ સામાવાળાના રેકર્ડમાં સુધારો કરી નવું સ્કૂલ લિવિંગ સર્ટીફિકેટ કાઢી આપવા ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન એક્ટ ૧૯૭૪ ના કલોઝ–૬, રેગ્યુલેશન –૧૨ (એ) મુજબ હાલની અરજી કરેલ છે.

આ કામે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી આધાર પુરાવાઓ રજૂ છે.

| **અનુ. નં.** | **સાહેદની જુબાની** | **આંક** |
|---|---|---|
| ૧. | અરજદાર કામ્બલે જગદીશ કુંડલીકભાઈની જુબાની | ૪ |
| ૨. | સાહેદ કામ્બલે સુરેખાબેન કિશોરભાઈની જુબાની | ૫ |
| ૩. | સાહેદ કામ્બલે કિશોરભાઇ કુંડલીકભાઈની જુબાની | ૬ |
| ૪. | સામાવાળા નં. ૧ પરમાર બકુલેશભાઇ શાંતીભાઈની જુબાની | ૭ |
| ૫ | સામાવાળા નં. ૨ ચૌધરી રોશનકુમાર બેચરભાઈની જુબાની | ૮ |

૩. આ કામે આંક : ૪ થી અરજદાર કામ્બલે જગદીશ કુંડલીકભાઇ નાઓએ પોતાની જુબાની રજૂ રાખી પોતાની આંક : ૦૧ ની અરજી સંબંધી પુરાવો આપેલ છે.

૪. વધુમાં આ કામે આંક : ૦૫ થી સાહેદ કામ્બલે સુરેખાબેન કિશોરભાઇ તથા આંક : ૬ થી સાહેદ કામ્બલે કિશોરભાઇ કુંડલીકભાઇનાઓએ અરજદારની અરજીને સમર્થનકારી પુરાવો આપેલ છે.

૫. વધુમાં આ કામે આંક : ૦૭થી સામાવાળા નં. ૧ પરમાર બકુલેશભાઇ શાંતીભાઇનાએ સોગંદ ઉપર જુબાની રજૂ રાખેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે. કે, આ કામના અરજદારના એલ.સી.માં જાતિ અને પેટા જ્ઞાતિના કોલમ નં. ૨ માં HINDU MARATHI PATEL લખાયેલ છે. જે રેકર્ડ જોઇ તપાસી જાહેર કરેલ છે. સદર કામે અરજદારે રજુ કરેલ એલ.સી. ની ખરી નકલ

વખારીયા પી.જે. હાઇસ્કુલ તરફથી આપવામાં આવેલ છે જેમાં પ્રિન્સીપાલની સહી તેઓ ઓળખી બતાવે છે. વધુમાં ઉપરોકત સ્કુલનું અસલ રેકર્ડ ખરાઇ કરી અસલ ઉપરથી ઉતારો રજુ કરેલ છે. તેમાં દર્શાવેલી અરજદારની વિગતો સાચી અને ખરી છે.

૬. વધુમાં આ કામે આંક : ૦૮ થી સામાવાળા નં. ૨ ચૌધરી રોશનકુમાર બેચરભાઇનાઓએ સોગંદ ઉપર જુબાની રજુ રાખેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, એલ.સી. માં કોઇ પણ વિગતમાં સુધારો કરવાની સત્તા તેઓ ધરાવતા નથી. જેથી અરજદારની અરજી સંબંધે યોગ્ય હુકમ કરવા જણાવેલ છે.

૭. આમ, આ કામે રજુ થયેલ ઉપરોકત સાહેદોની સોગંદ ઉપરની જુબાની તેમજ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા અરજદારના જણાવ્યા મુજબ તેઓની સાચી જાતિ અને પેટા જ્ઞાતિ **<u>HINDU CHAMBHAR</u>** છે. જે સંદર્ભે ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન–૧૯૭૪ ના પ્રકરણ–૫ વિનિમય નં.૧૨(ક) કલોઝ–૬ની જોગવાઇને ધ્યાને લેતા અરજીના સંદર્ભમાં રજૂ થયેલ તમામ દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ ધ્યાને લેતાં અરજદારની અરજી મંજૂર કરવા પાત્ર હોઇ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

<u>:: હુકમ ::</u>

➔ અરજદારની અરજી **મંજૂર** કરવામાં આવે છે.

➔ આથી સામાવાળાને આદેશ કરવામાં આવે છે કે, અરજદારની સાચી જાતિ અને પેટા જ્ઞાતિ **<u>HINDU CHAMBHAR</u>** છે. તે મુજબનો રેકર્ડમાં સુધારો કરી નવુ સ્કુલ લિવિંગ સર્ટીફિકેટ કાઢી આપવું.

➔ આ અરજીમાં જણાવેલ કારણસર /હેતુ અંગે અગાઉ કોઇ હુકમ થયેલ હશે તો આ હુકમ આપો આપ રદ ગણાશે.

➔ હુકમ આજ તારીખ : ૨૪, માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૨૪–૦૬–૨૦૨૬**
**સ્થળ : ગાંધીનગર**

**(પ્રિયંકા જયમિન સુરતી)**
**એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કલોલ**
**GJ 01570**